## હુમા કુરેશીના પિતરાઈ ભાઈની દિલ્હીમાં પાર્કિંગ વિવાદ પર હત્યા





**બે** યુવકોની ધરપકડ કરાઈ

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): દક્ષિણપૂર્વી દિલ્હીના ભોગલ વિસ્તારમાં પાર્કિંગના વિવાદ પર અભિનેત્રી હુમા કુરેશીના પિતરાઈ ભાઈની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. તેમના મૃત્યુના સંદર્ભમાં બે યુવાનોની ધરપકડ કરવામાં આવી છે, એમ શુક્રવારે એક અધિકારીએ જણાવ્યું હતું.ભોગલના ચર્ચ લેનમાં રહેતા આસિફ કુરેશી (42) પર ગુરુવારે મોડી રાત્રે થયેલા ઉગ્ર ઝઘડા દરમિયાન કોઈ અણીદાર વસ્તુથી હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે તેની છાતીમાં ગંભીર ઈજા થઈ હતી, એમ તેમણે જણાવ્યું હતું.આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી, જેની એક ક્લિપ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સામે આવી હતી. સીસીટીવી ક્લિપમાં બે માણસો દ્વારા આસિફને ધક્કો મારતા અને મારતા જોવા મળે છે, જ્યારે ત્યાં ઉભેલા લોકો મદદ માટે જોરથી બૂમો પાડી રહ્યા છે.પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના રાત્રે 10.30 વાગ્યાની આસપાસ બની હતી જ્યારે આસિફે તેના ઘરની સામે સ્કૂટર પાર્ક કરવા બદલ એક વ્યક્તિ સાથે બોલાચાલી કરી હતી.આ બોલાચાલી ઝડપથી વકરી હતી અને આસિફ પર પોકર પ્રકારના હથિયારથી હુમલો કરવામાં આવ્યો હતો, જેનાથી તેની છાતીમાં ઊંડો ઘા થયો હતો.પોલીસે જણાવ્યું હતું કે પીડિત ઘટનાસ્થળે જ પડી ગયો હતો અને તેને ઈસ્ટ ઓફ કૈલાશમાં આવેલી નેશનલ હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.ઉજ્જવલ (19) અને ગૌતમ (18), બંને એક જ વિસ્તારના રહેવાસીઓને હત્યા બદલ ધરપકડ કરવામાં આવી છે.

## સ્મૃતિ ઈરાની ટીવી પર સૌથી વધુ ફી લેનાર અભિનેત્રી બન્યા



મુંબઈ, તા. 8: અભિનેત્રી સ્મૃતિ ઈરાની ફરીથી ટેલિવઝન પર નજર આવી રહ્યા છે, તેમનો શો ક્યોંકિ સાસ ભી કભી બહુથી-2 શરૂ થઈ ચુક્યો છે. પ્રથમ અઠવાડિયામાં જ આ શોએ કેટલાંક રેકોર્ડ તોડ્યા છે અને તે ટીઆરપી યાદીમાં ટોચના ક્રમે પહોંચ્યો છે. એવા સમાચાર સામે આવ્યા છે કે આ શો માટે સ્મૃતિ ઈરાની ભારે ફી વસુલી રહ્યા છે અને તેઓ ટીવીના સૌથી વધુ ફી મેળવનાર અભિનેત્રી બન્યા છે. તેમણે રૂપાલી ગાંગુલી અને હિના ખાન સહિત કેટલાંક ટીવી સ્ટાર્સને પાછળ મૂક્યા છે. સ્મૃતિએ આ અંગે પૂછવા પર કહ્યું કે હા આ વાત સાચી છે. માત્ર પગાર સમાનતા જ નહીં હું યુવક-યુવતીઓને પણ પાછળ કરું છું અને હું જેટલી કમાણી કરું છું તે બહુ જ મહેનતનું કામ છે. તેઓ એક એપિસોડના 14 લાખ લઈ રહ્યાં છે અને 150 એપિસોડ છે આમ 21 કરોડની કમાણી કરશે.

## સૈફ અલી ખાનની પારિવારીક મિલકતના વિવાદમાં એમપી હાઈકોર્ટના આદેશ પર સુપ્રીમે સ્ટે લગાવ્યો



નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે ભોપાલના છેલ્લા નવાબ હમીદુલ્લા ખાનની શાહી મિલકત સાથે સંબંધિત દાયકાઓ જૂના મિલકત વિવાદને નવા નિર્ણય માટે ટ્રાયલ કોર્ટમાં મોકલવાના મધ્યપ્રદેશ હાઈકોર્ટના આદેશ પર શુક્રવારે વચગાળાનો સ્ટે મંજૂર કર્યો હતો.

નવાબ હમીદુલ્લા ખાનના મોટા ભાઈ ઓમર ફારુક અલી અને રાશીદ અલીની 30 જૂનના હાઈકોર્ટના આદેશ સામેની અરજી પર જસ્ટિસ પી. એસ. નરસિંહા અને અતુલ ચાંદુરકરની બનેલી બેન્ચે નોટિસ જારી કરી હતી.અરજદારોએ 14 ફેબ્રુઆરી, 2000ના ટ્રાયલ કોર્ટના ચુકાદાને રદ કરવાના હાઈકોર્ટના નિર્ણયને પડકાર્યો છે જેમાં નવાબની પુત્રી સાજિદા સુલતાન, તેમના પુત્ર મન્સૂર અલી ખાન (ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન) અને તેમના કાનૂની વારસદારો, અભિનેતા સૈફ અલી ખાન, સોહા અલી ખાન, સબા સુલતાન અને પીઢ અભિનેત્રી શર્મિલા ટાગોરના મિલકત પરના અધિકારોને સમર્થન આપવામાં આવ્યું હતું.હાઈકોર્ટે જણાવ્યું હતું કે ટ્રાયલ કોર્ટનો ચુકાદો 1997ના અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદા પર આધારિત હતો, જેને બાદમાં 2019માં સુપ્રીમ કોર્ટે ઉથલાવી દીધો હતો.જો કે, ૨૦૧૯ના દાખલાને લાગુ કરવા અને કેસનો તે રીતે નિર્ણય લેવાને બદલે, હાઈકોર્ટે કેસને ફરીથી મૂલ્યાંકન માટે મોકલી આપ્યો.

## કપિલ શર્માએ સલમાનને શોમાં બોલાવતા બિશ્નોઈ ગેંગે તેના કાફે પર ગોળીબાર કર્યો




મુંબઈ, તા. 8: કોમેડિયન કપિલ શર્માના કેનેડા સ્થિત રેસ્ટોરન્ટ કેપ્સ કાફે પર બે વાર ગોળીબાર કરવામાં આવ્યો છે. હવે આ મામલે એક મોટી અપડેટ આવી છે.એવું જાણવા મળ્યું છે કે કેપ્સ કાફે પર ગોળીબાર ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ ગેંગ દ્વારા કરવામાં આવ્યો છે. સલમાન ખાનની નજીક હોવાથી કપિલ શર્મા માટે જીવનું જોખમ બની ગયું છે.લોરેન્સ ગ્રુપના ગેંગસ્ટર હૈરી બોક્સરનો ઓડિયો મેસેજ સામે આવ્યો હતો જેમાં દાવો કરાયો હતો કે કોમેડિયને સલમાનને નેટફ્લિક્સ શો 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો' સીઝન-2ના પહેલાં એપિસોડમાં બોલાવ્યો હતો. હૈરીએ આખા ફિલ્મ ઉદ્યોગને ધમકી આપતા કહ્યું હતું 'બીજી વખત જે પણ નિર્દેશક, નિર્માતા, કલાકાર સલમાન સાથે કામ કરશે તે બધાને ચેતવણી આપવામાં આવે છે કે હવે ગોળી સીધી છાતી પર ચાલશે.'



વાર્ષિક બ્રિસ્ટોલ ઇન્ટરનેશનલ બલૂન ફિયેસ્ટામાં સામૂહિક પ્ર એક એલિયન આકારનું હોટ એર બલૂન ઉડી રહેલું તસવીરમાં જોઇ શકાય છ. બ્રિટનના બ્રિસ્ટોલમાં વાર્ષિક બ્રિસ્ટોલ ઇન્ટરનેશનલ બલૂન ફિયેસ્ટામાં સામૂહિક પ્રક્ષેપણ સંખ્યાબંધ બલૂનો ઉડતા મૂકાય છે.






અમેરિકાના કેલિફોર્નિયામાં લેક પીરુ નામના તળાવ નજીકના વિસ્તારમાં સળગી રહેલ દાવાનળ વચ્ચે એક ઘોડાને બચાવીને અન્યત્ર લઇ જવાના પ્રયાસો કરવામાં આવી રહેલા જોઇ શકાય છે.

# કેલિફોર્નિયામાં ફરીથી દાવાનળ: હજારોનું સ્થળાંતર

**ગુરુવારે** 30 એકર જેટલા જંગલ વિસ્તારમાં લાગેલી આગ જોત જોતામાં ૧૫૦૦ એકર જેટલા વિસ્તારમાં ફેલાઇ ગઇ

લોસ એન્જેલસ, તા. ૮: અમેરિકાના કેલિફોર્નિયાના લોસ એન્જેલસના ઉત્તરપશ્ચિમમાં એક વિસ્તારમાં આગ ઝડપથી વધી રહી છે, જેના કારણે હજારો લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે. શરૂઆતમાં જેને કેન્યોન ફાયર કહેવામાં આવી રહી હતી તે લગભગ 30 એકર વિસ્તારમાં હોવાનું માનવામાં આવતું હતું, પરંતુ ત્યારથી આ આગ લોસ એન્જલસ અને વેન્ચુરા કાઉન્ટીમાં 1,500 એકર જમીનને બાળી ચુકી છે. CALFire ના અંદાજ મુજબ અમેરિકી ઈસ્ટ સમય પ્રમાણે ગઈરાત્રે 10 વાગ્યા સુધી આટલા વિસ્તારમાં આ આગ ફેલાઇ ચુકી હતી. વેન્ચુરા કાઉન્ટીના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગ ગુરુવારે સ્થાનિક સમય મુજબ બપોરે 2 વાગ્યે પીરુના ઉત્તરપૂર્વમાં ફાટી નીકળી હતી, જે એક છૂટીછવાઈ વસ્તીવાળુ નગર છે જ્યાં 2,000 થી વધુ રહેવાસીઓ રહે છે. રાષ્ટ્રીય હવામાન સેવા અનુસાર, ગુરુવારે પીરુ તળાવ નજીક તાપમાન લગભગ 100 ડિગ્રી સુધી પહોંચી ગયું હતું.

અધિકારીઓએ હવે કહ્યું છે કે આગ પીરુથી દૂર જઈ રહી છે પરંતુ LA કાઉન્ટીમાં ઈન્ટરસ્ટેટ 5 તરફ પૂર્વ તરફ આગળ વધી રહી છે.

# અમેરિકા-ભારત વચ્ચે તણાવનું કારણ મોદી-ટ્રમ્પ વચ્ચે ફોન પર થયેલી વાતચીત?

**મોદીએ** ટ્રમ્પને ફોન પર સ્પષ્ટપણે કહ્યું કે પાકિસ્તાન સાથે યુદ્ધવિરામમાં કોઈ તૃતીય પક્ષ (અમેરિકા) નથી

**મોદીએ** કેનેડાથી પરત ફરતી વખતે વ્હાઇટ હાઉસમાં રોકાવાનું આમંત્રણ નકાર્યું હતું



નવી દિલ્હી, તા. 8: ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો કેટલાક દિવસોથી તણાવપૂર્ણ છે. ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારે ટેરિફની જાહેરાતને કારણે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ છે, પરંતુ તણાવ ખૂબ પહેલા શરૂ થઈ ગયો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ટ્રમ્પની વાતચીત સારી ન હતી, ખાસ કરીને પાકિસ્તાન અને ભારત વચ્ચે યુદ્ધવિરામના દાવા પછી. અહેવાલમાં જણાવ્યું છે કે પાકિસ્તાન પર મોદી-ટ્રમ્પ વચ્ચેની 35 મિનિટની વાતચીતથી ભારત-અમેરિકા સંબંધોને કેવી રીતે નુકસાન થયું.

અહેવાલ મુજબ, 10 મેના રોજ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ થયા પછી, ડોનાલ્ડ ટ્રમ્પે વારંવાર મધ્યસ્થીનો દાવો કર્યો હતો. ભારતે આ વાતનો ઈનકાર કર્યો હતો અને બંને દેશો વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ બન્યા હતા. એક રસપ્રદ વળાંક 17 જૂને આવ્યો, જ્યારે નરેન્દ્ર મોદીએ ટ્રમ્પ સાથે 35 મિનિટ સુધી ફોન પર વાત કરી. આ કેનેડામાં જી-7 સમિટ દરમિયાન બન્યું. મોદી આ કાર્યક્રમમાં પહોંચે તે પહેલાં ટ્રમ્પ ત્યાંથી ચાલ્યા ગયા હતા. આવી સ્થિતિમાં, બંને નેતાઓએ ફોન પર વાત કરી હતી. ટ્રમ્પ સાથે ફોન કોલ દરમિયાન, મોદીએ સ્પષ્ટપણે કહ્યું હતું કે પાકિસ્તાન સાથે યુદ્ધવિરામમાં કોઈ તૃતીય પક્ષ (અમેરિકા) નથી. મોદીએ સ્પષ્ટ કર્યું કે ભારતની નીતિ મધ્યસ્થી સ્વીકારવાની નથી.

અહેવાલ મુજબ ટ્રમ્પે પાકિસ્તાની સૈન્ય વડા મુનીરને લંચ પર આમંત્રિત કર્યા તેનાથી વસ્તુઓ વધુ ખરાબ થઈ હતી. ભારતે ટ્રમ્પ દ્વારા મુનીરને આતિથ્ય આપવાને તેના પર આરોપ મૂકવામાં આવેલા ત્રાસવાદી પ્રવૃત્તિઓને કાયદેસરતા આપવા તરીકે જોયું.

ટ્રમ્પે આ સમય દરમિયાન નરેન્દ્ર મોદીને અમેરિકા આવવા કહ્યું હતું પરંતુ મોદીને ચિંતા હતી કે ટ્રમ્પ તેમની અને મુનીર વચ્ચે મુલાકાત ગોઠવી શકે છે. આવી સ્થિતિમાં, મોદીએ કેનેડાથી પરત ફરતી વખતે વ્હાઇટ હાઉસમાં રોકાવાનું આમંત્રણ નકારી કાઢ્યું.

આ પછી, ટ્રમ્પ અને તેમના વહીવટીતંત્રના ભારત પ્રત્યેના વલણમાં મોટો ફેરફાર જોવા મળ્યો. ટ્રમ્પે જાહેરમાં ભારત પર હુમલો કરવાનું શરૂ કર્યું. ટ્રમ્પે ભારતની અર્થવ્યવસ્થાને મૃત પણ કહી દીધી. આ તણાવ ચાલુ છે અને બંને દેશોના ટોચના નેતાઓ વચ્ચે કોઈ વાતચીત થઈ નથી.

આ ઉપરાંત ટેરિફ વાટાઘાટો દરમિયાન ભારતના ડેરી અને કૃષિ ક્ષેત્રને ખોલવાની ટ્રમ્પની માગણીઓ સામે મોદીએ શરણાગતિ સ્વીકારી નથી.

# અમેરિકાએ વેનેઝુએલાના પ્રમુખ પર રૂ. 418 કરોડનું ઈનામ રાખ્યું

**અમેરિકામાં** ડ્રગ્સ દાણચોરીના આરોપ

**પ્રમુખ** નિકોલસ મદુરોની 70 કરોડ ડોલરની મિલકત જપ્ત



વોશિંગ્ટન, તા. 8: અમેરિકાએ વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ મદુરોની ધરપકડ પર 50 મિલિયન ડોલર એટલે કે રૂ. 418 કરોડનું ઈનામ રાખ્યું છે.

ટ્રમ્પ વહીવટીતંત્રે આરોપ લગાવ્યો છે કે મદુરો વિશ્વના સૌથી મોટા નાર્કો દાણચોરોમાંનો એક છે. મદુરો પર ડ્રગ સંગઠનો સાથે કામ કરીને ફેન્ટાનાઈલ-લેસ્ડ કોકેન અમેરિકા મોકલવાનો આરોપ છે, એમ ઈનામની જાહેરાત કરતા એટર્ની જનરલ પામ બોન્ડીએ કહ્યું હતું.

પ્રમુખ ટ્રમ્પના નેતૃત્વમાં, મદુરો ન્યાયથી બચી શકશે નહીં અને તેણે પોતાના ગુનાઓનો જવાબ આપવો પડશે.

બોન્ડીએ કહ્યું કે ન્યાય વિભાગે મદુરોની 700 મિલિયન ડોલરથી વધુની મિલકત જપ્ત કરી છે. આમાં બે ખાનગી જેટ પણ સામેલ છે.

2020માં મેનહટન ફેડરલ કોર્ટમાં મદુરો પર નાર્કો-ત્રાસવાદ અને કોકેઈનની દાણચોરીના કાવતરાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

તે સમયે, ટ્રમ્પ વહીવટીતંત્રે તેની ધરપકડ પર 15 મિલિયન ડોલરનું ઈનામ રાખ્યું હતું. બાદમાં બાઈડેન વહીવટીતંત્ર દ્વારા આ ઈનામ વધારીને 25 મિલિયન ડોલર કરવામાં આવ્યું હતું. 9-11 હુમલા બાદ ઓસામા બિન લાદેનની ધરપકડ પર અમેરિકા દ્વારા આ જ ઈનામ રાખવામાં આવ્યું હતું.

મદુરો 2013થી વેનેઝુએલામાં સત્તામાં છે. અમેરિકા, યુરોપિયન યુનિયન અને લેટિન અમેરિકન દેશો તેમના પર ચૂંટણીમાં છેતરપિંડીનો આરોપ લગાવી રહ્યા છે.

વેનેઝુએલા અને અમેરિકા વચ્ચે ઘણા દાયકાઓથી રાજકીય મતભેદો છે. વેનેઝુએલા અમેરિકાની તેની મૂડીવાદી અને વિદેશ નીતિઓ માટે ટીકા કરે છે, જ્યારે અમેરિકા વેનેઝુએલામાં માનવાધિકાર ભંગ પર નારાજગી વ્યક્ત કરી રહ્યું છે.

વેનેઝુએલામાંથી લગભગ 100 વર્ષ પહેલા તેલના ભંડાર મળી આવ્યા હતા. તેલની શોધ થયાના 20 વર્ષમાં, વેનેઝુએલા વિશ્વના સૌથી મોટા તેલ નિકાસ કરતા દેશોમાંનો એક બની ગયું. તેને લેટિન અમેરિકાનું સાઉદી અરેબિયા કહેવામાં આવતું હતું.

# CAQM કહે છે: ઓવરએજ વાહનો પર પ્રતિબંધ પાછળ કોઈ સંશોધન નથી

**એક** આરટીઆઇ અરજીના જવાબમાં આ પંચે કહ્યું કે બે કેસોમાં એનજીટી અને સુપ્રીમ કોર્ટના આદેશોના આધારે વાહનને જુનું ગણવા માટેના ધોરણ નક્કી કરવામાં આવ્યા છે

નવી દિલ્હી, તા. ૮(પીટીઆઇ): કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM) એ સ્વીકાર્યું છે કે તેણે 10 વર્ષથી વધુ જૂના ડીઝલ વાહનો અને 15 વર્ષથી વધુ જૂના પેટ્રોલ વાહનો દ્વારા થતા પ્રદૂષણ પર કોઈ સંશોધન કે અભ્યાસ હાથ ધર્યો નથી જે દિલ્હી-NCR માં ઓવરએજ વાહનો પર પ્રતિબંધનો આધાર છે.

CAQMએ પર્યાવરણવાદી અમિત ગુપ્તા દ્વારા દાખલ કરાયેલ RTI અરજીના જવાબમાં આ માહિતી શેર કરી છે. CAQM એ આવા વાહનોની અસર અંગે કોઈ પ્રદૂષણ સંશોધન કે અભ્યાસ હાથ ધર્યો નથી એમ જવાબમાં જણાવાયું છે. શું પ્રતિબંધનો આધાર બને તેવું કોઈ અન્ય સંશોધન હતું કે કેમ તે પૂછવામાં આવતા, કમિશને કહ્યું કે એન્ડ-ઓફ-લાઈફ (EoL) વાહનો પરના પ્રતિબંધો વર્ધમાન કૌશિક વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્યોના કેસમાં નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT)ના આદેશ અને એમ સી મહેતા વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા એન્ડ અન્યોમાં સુપ્રીમ કોર્ટના આદેશ પરથી ઉદભવ્યા છે. ગયા મહિને, CAQM એ તેના અગાઉના નિર્દેશના અમલીકરણ પર 31 ઓક્ટોબર સુધી રોક લગાવી હતી કે દિલ્હીમાં ફ્યુઅલ સ્ટેશનોએ ઓવરએજ વાહનોને પેટ્રોલ કે ડીઝલ આપવું ન જોઈએ. દિલ્હી સરકારે 1 જુલાઈથી આ પગલાને લાગુ કરવામાં ઓપરેશનલ અને માળખાગત પડકારોનો ઉલ્લેખ કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો હતો. EoL વાહનોમાં 10 વર્ષથી વધુ જૂના ડીઝલ વાહનો અને 15 વર્ષથી વધુ જૂના પેટ્રોલ વાહનોનો સમાવેશ થાય છે, પછી ભલે તે કોઈપણ રાજ્યમાં નોંધાયેલા હોય.

# હાઈકોર્ટના જજ સામેની ટિપ્પણીઓ: સીજેઆઇના હસ્તક્ષેપ પછી સુપ્રીમે નિરીક્ષણો ડીલીટ કર્યા

**આ** જજે એક સિવિલ કેસમાં ફરીયાદીને ફોજદારી કાર્યવાહીનો આશરો લેવાની મંજૂરી અપાઇ હતી

**સુપ્રીમ** કોર્ટની બેન્ચે આ આદેશ આપનાર જજની સખત ટીકા કરી હતી, જે ટિપ્પણીઓ હવે રદ કરવામાં આવી

નવી દિલ્હી, તા. ૮(પીટીઆઇ): ભારતના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈના હસ્તક્ષેપ બાદ, સુપ્રીમ કોર્ટે શુક્રવારે અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ દ્વારા સિવિલ વિવાદ કેસમાં ફોજદારી કાર્યવાહીની મંજૂરી આપવા બદલ ટીકા કરતા પોતાના અવલોકનો કાઢી નાખ્યા અને કહ્યું કે તેનો હેતુ તેમને મૂંઝવણમાં મૂકવાનો કે તેમના પર શંકા કરવાનો નથી.

૪ ઓગસ્ટના રોજ, ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને આર. મહાદેવનની બેન્ચે અવલોકન કર્યું કે હાઈકોર્ટના ન્યાયાધીશ પ્રશાંત કુમાર પાસેથી કાયદાની સુસ્થાપિત સ્થિતિ જાણવાની અપેક્ષા રાખવામાં આવે છે કે સિવિલ વિવાદના કિસ્સાઓમાં ફરિયાદીને ફોજદારી કાર્યવાહીનો આશરો લેવાની મંજૂરી આપી શકાતી નથી કારણ કે તે કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ સમાન હશે.

અમે અલ્હાબાદ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને વિનંતી કરીએ છીએ કે તેઓ આ મામલો હાઈકોર્ટના અન્ય કોઈપણ ન્યાયાધીશને સોંપે જે તેમને યોગ્ય લાગે.

# મન કી બાત કાર્યક્રમે અત્યાર સુધી રૂ. 34.13 કરોડની કમાણી કરી

**મન કી બાતનું** પ્રથમ પ્રસારણ 3 ઓક્ટોબર, 2014ના રોજ થયું હતું

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીના 'મન કી બાત' કાર્યક્રમે તેની શરૂઆતથી અત્યાર સુધીમાં રૂ. 34.13 કરોડની આવક મેળવી છે, એમ સરકારે શુક્રવારે રાજ્યસભામાં જણાવ્યું હતું.

માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી એલ. મુરુગને એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે મન કી બાત કાર્યક્રમ અનેક પરંપરાગત અને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા શ્રોતાઓ સુધી પહોંચે છે.

'મન કી બાત કાર્યક્રમ આકાશવાણી દ્વારા બનાવવામાં આવે છે જેમાં વધારાનો ખર્ચ કરાતો નથી અને હાલના ઉપલબ્ધ સંસાધનોનો ઉપયોગ કરીવામાં છે અને તેની શરૂઆતથી અત્યાર સુધીમાં રૂ. 34.13 કરોડની આવક મેળવી છે', એમ તેમણે જણાવ્યું હતું.